ક્રિમીનલ કેસ નં.5758/2021

<u>આંક.૧ લગત હુકમ</u>

આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ.૨૬૯,૧૮૮ મુજબ શિક્ષાપાત્ર ગુના નો આક્ષેપ છે. આરોપી ની મજકુર તહોમત બદલ પ્લી રેકર્ડ કરતા આરોપી એ તેઓ વિરૂધ્ધ ના તહોમત નો સ્વીકાર કરેલ છે તેમજ કબુલાત પુરશીશ આપી,ગુનો કબુલ હોવા નુ જણાવેલ છે.ઉપરોકત હકીકત અન્વયે,આરોપી ગુનો સ્વેચ્છાપુર્વક કબુલ કરતા હોય,કબુલાત ન માનવા ને કારણ નથી.આથી,આરોપીને તકસીરવાન ઠરાવવા માં આવે છે.આરોપી ની રજુઆત લક્ષમાં લેતા અને તે અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટે 2005(1) G.L.R. 709 State of Gujarat vs. Natwar Harchandji Thakor ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા,જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસ ની હકીકત ને ધ્યાન માં લઈ,કાયદા માં કરેલ જોગવાઈ કરતાં પણ આછી સજા કરવા ની સત્તા છે.પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રસ્તૃત કેસ ને લાગુ પડે છે તેમ અદાલત નુ નમ્રપણે માનવુ છે.જેથી,આરોપી ની સ્થિતી અને સંજોગો ધ્યાને લેતા,ઠરાવેલ સજા કરતાં ઓછી સજા કરવા માટે ના વ્યાજબી અને વિશીષ્ટ કારણો જણાય છે.તેથી,માત્ર દંડ કરવો જોઇએ તેમ આ અદાલત નમ્રપણે માને છે.આથી,નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

// આખરી હુકમ //

આથી,આરોપી ને સી.આર.પી.સી. ની કલમ ૨૫૨ અન્વયે ૨૬૯, ૧૮૮ મુજબ શિક્ષા ને પાત્ર ગુના બદલ તકસીરવાન ઠરાવવા માં આવે છે અને આ ગુના બદલ,આરોપી ને કુલ રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે.જો આરોપી દંડ ભરવા માં કસુર કરે તો ૧ દીવસ ( એક દીવસ) ની સાદી કેદ ની સજા ભોગવવા નો હુકમ કરવામાં આવે છે. કેસ રજીસ્ટરે હુકમ ની નોંધ કરવી.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

[ દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ ]
૧૭ મા એડી.સિનિ.સી.જજ અને
એડી.ચીફ.જયુડી.મેજી.,વડોદરા
Code GJ00956

તારીખ.૧૦/૦૭/૨૦૨૧
વડોદરા